PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/કવા–૦૨/૧૮–૧૯/ 9827 (4) તા. 30-10-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
કાંબરીયા મણીબેન હમીરભાઈ,
ગામ: લાંબા
હે.સરકારી દવાખાના પાસે,
તા.કલ્યાણપુર
જી.દેવભુમી દ્વારકા

વિષય :–નામ બદલી બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૯–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૬/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૬/ક્વા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૩–૧૦–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: કાંબરીયા મણીબેન હમીરભાઈ, ગામ: લાંબા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા**

## : હુકમ :

**ફરીયાદ : નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | **અરજદાર જણાવે છે કે,તેઓની ખેતીની જમીન તાલુકાના ભોગાત ગામ ના વાડી વિસતાર આવેલ છે, તે જમીનમાં તેઓના કુવા ઉપર જોડાણ આવેલ છે, આ જમીન તેઓએ આહીર ધાના વીકમસી પાસેથી ખરીદેલ હોય તેઓના જમીનના જરૂરી દસ્તાવેજો પણ કચેરીમાં પૂરા પાડેલ છે તેમ છતા સદર જોડાણ ને તેઓના નામ પર નામ બદલી કરી આપવામાં આવતું નથી આ બાબતે અને જે કંઈ ખર્ચ થયેલ તેનું વળતર મેળવવાની પણ અરજદારની માંગણી છે – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.** |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી **કાંબરિયા મણિબેન હમીરભાઈ દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ભોગાત ખાતે નામ બદલી બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે અરજદાર દ્વારા તા.૨૩.૦૯.૨૦૧૬ ના રોજ ગ્રાહક નંબર ૮૨૪૬૬ ૦૦૪૪૫ ૩ માટેના નામ ફેર માટે અંદાજપત્ર ભરપાઈ કરેલ. પરંતુ સદર અંદાજપત્ર મેન્યુઅલી પેઇડ થયેલ હોવાથી ઇ ઉર્જા સિસ્ટમ માં એસઆર નો ટાસ્ક નોટ પેઇડ કેન્સલ બતાવે છે. સદર બાબત માટે ટિકિટ નંબર PG- ૨૭૪૦૩૯ મુકેલ છે જેનું નિરાકરણ તાત્કાલિક ધોરણે લાવી અરજદારનું નામ બદલીનું કામ પૂર્ણ કરી આપવામાં આવશે. આ સંદર્ભે અરજદારને પત્ર બીએસડી/ટેક/૧૮/૫૭૨૩ તા.૧૭.૧૦.૨૦૧૮ દ્વારા જાણ કરેલ છે.** |
| ૨.૨ | ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઇ–ઉર્જા સિસ્ટમ માં – ઘટતી વિગતો અંગે નુ નિરાકરણ થયાના ઈ–મેઈલ તા.૨૬–૧૦–૧૮ મુજબ – અરજદાર ની નામ બદલી અંગે ની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. જે ગ્રાહક ને હવે પછી ના વીજબીલ માં તેઓના નવા નામે વીજબીલ આપવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **ઉ.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે – અરજદાર શ્રી કાંબરીયા મણીબેન હમીરભાઈ દ્વારા ખેતીવાડી જમીન શ્રી આહિર ઘાના વિકમસી પાસેથી વીજજોડાણ નં. – ૮૨૪૬૬-૦૦૪૪૫-૩ સહિત ખરીદેલ હોય જેમા નામ બદલી માટે પીજીવીસીએલ ની સબંઘક કચેરીમાં તા.૧૦–૦૧–૨૦૧૫ થી અરજી કરેલ હતી. જે અનુસંઘાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નામ બદલી અંગે ની કાર્યવાહી પૂર્ણ કરી – ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે. સદર બાબતે ની જાણકારી અરજદાર ને લેખીત પત્ર મારફત પાઠવવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ઘામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંઘક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**